પરપ્રાંતના અનુ. જાતિ/જનજાતિના લોકોને
સ્થળાંતરના રાજ્યમાં જાતિ પ્રમાણપત્રો
આપવા બાબત.

**ગુજરાત સરકાર,**
**સમાજ કલ્યાણ વિભાગ,**
**પરિપત્ર નં. પરચ/૨૦૯૩/૪૧૯૯/ ખ**
**સચિવાલય, ગાંધીનગર,**
**તારીખ :-૧૨/૭/૯૪**

વંચાણે લીધા :-

(૧) ભુ.પૂ. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો પરિપત્ર ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૮૨/૧૦૫૨/ખ, તા. ૨૨-૧૧-૮૨.

(૨) ભારત સરકારના ગૃહ મંત્રાલયની માર્ગદર્શક સુચના કઃ (અંગ્રેજી) : બીસી/૧૬૦ ૧૦/૧/૮૨/એસસી એન્ડ બીસીડી (I) તા. ૬-૮-૮૪

પ રિ પ ત્ર :-

આમુખમાં જણાવેલ ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ના તા. ૨૨/૧૧/૮૨ના પરિપત્ર તથા ભારત સરકારની તા. ૬/૮/૮૪ની માર્ગદર્શક સૂચનાઓ અન્વયે સંબંધિત કચેરીઓ દ્વારા માર્ગદર્શન માંગવામાં આવેલ છે. આ બાબત અંગે પરપ્રાંતના અનુ.જાતિ/જનજાતિના ઇસમોને જાતિ પ્રમાણપત્ર આપી શકાય કે કેમ અને તેવા પ્રમાણપત્ર કોણ આપી શકે તે અંગે જણાવવાનું કે રાજ્ય સરકારના તા. ૨૨/૧૧/૮૨ના પરિપત્ર બાદ બહાર પડેલ ભારત સરકારની તા. ૬/૮/૮૪ ની માર્ગદર્શક સૂચનાઓ મુજબ, પરપ્રાંતના અનુ.જાતિ/જનજાતિના ઇસમોને જાતિ પ્રમાણપત્રો આપવા ભારત સરકારે નિયત કરેલ સક્ષમ અધિકારીઓજ આવા જાતિ પ્રમાણપત્રો આપી શકશે. ભારત સરકારે નિયત કરેલ સક્ષમ અધિકારીઓ સિવાયના અધિકારી આવુ પ્રમાણપત્રો આપી શકશે નહિ.

૨. વિશેષમાં જણાવંવાનું કે પરપ્રાંતના અનુ.જાતિ/જનજાતિના ઇસમો સ્થળાંતરના રાજ્યમાં માત્ર જાતિ પ્રમાણપત્ર જ મેળવી શકે. તેમને અનુ.જાતિ/જંનજાતિના લાભોની તેમના મૂળ રાજ્યોમાંજ મળે, સ્થળાંતરના રાજ્યમાં નહિ.

આમ, ભારત સરકારની તા.૬/૮/૮૪ની સુચનાઓ મુજબ કાર્યવાહી કરવા આથી સંબંધિતોને સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. એલ. તબિયાર )
સેકશન અધિકારી
સમાજ કલ્યાણ વિભાગ,

નકલ રાવાના :-

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુ. રા. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુ. રા. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નિયામકશ્રી, આદિજાતિ વિકાસ ખાતુ, ગુ. રા. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

સચિવશ્રી, જાહેર સેવા આયોગ, ગુ. રા., બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ (પત્ર દ્વારા)

સર્વે કલેક્ટરશ્રીઓ

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ

સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ

સર્વે વિકસિત જાતિ કલ્યાણ અધિકારીશ્રીઓ

સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ

સર્વે મામલતદારશ્રીઓ

સમાજ કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ

સીલેક્ટ ફાઇલ.